પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૭ | ૧૮ જાન્યુઆરી, ૨૦૧૮, ગુરૂવાર ; મહા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ભારત-ઈઝરાયેલના સંબંધ ઘનિષ્ઠ બનશે

## ૨૧મી સદીમાં બંને દેશોનો સાથ માનવતાના ઈતિહાસમાં નવો અધ્યાય ઉમેરશે : અહીં આવીને ખુબ જ ખુશ છે : નેતાન્યાહૂ






અમદાવાદ,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુએ આજે બપોરે બાવળા પાસેના ધોલેરા ગામ ખાતે આઈક્રિએટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. બંને દેશોના વડાપ્રધાને આ પ્રસંગે રચનાત્મકતા અને સંશોધનાત્મકતા વિશે પોતપોતાના વકતવ્યમાં સમજ આપી હતી. મોદીએ આઈ શબ્દની મહત્તા સમજાવી હતી, તો નેતન્યાહુએ પણ યુવાનોને ક્રિએશન અને ઈનોવેશનમાં આગળ ધપવા પ્રોત્સાહિત કર્યા હતા. નેતન્યાહુએ પોતાનું વકતવ્ય જયારે જય હિન્દ, જય ભારત અને જય ઈઝરાયલ કહી પૂર્ણ કર્યું ત્યારે ઉપસ્થિત વિશાળ જનસમુદાયે તાળીઓના જોરદાર ગડગડાટ સાથે ઈઝરાયલના વડાપ્રધાનના આ સરળ અને ખુશમિજાજ સ્વભાવને વધાવી લીધો હતો. માનવતાના ઈતિહાસમાં ભારત અને ઈઝરાયેલ નવા પ્રકરણની શરૂઆત કરશે તેમ મોદીએ દાવો કર્યો હતો. આઈસ ક્રિએટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતી વેળા બંને નેતાઓએ પારસ્પરિક સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત અને ઈઝરાયેલ વચ્ચે આ સહકાર વિકાસની ભાવના વધારે મજબૂત થશે. બંનેએ એકબીજાની ખુબ પ્રશંસા કરી હતી. સેન્ટરના ઉદ્‌ઘાટન બાદ ઈઝરાયેલી વડાપ્રધાને કહ્યું હતું કે, આ દુનિયા આઈપેડ, આઈપોડની

● અનુસંધાન પાન-૭ પર




# નેતન્યાહુની મોદીને બે અનોખી જીપો ભેટ

## આ જીપ દરિયાઇ ખારા પાણીને મીઠુ કરે છે : જીપની કિંમત ૧.૧૧ લાખ ડોલર : એક જીપ દિવસમાં દરિયાનું વીસ હજાર લિટર પાણી શુદ્ધ કરવા માટે સક્ષમ

અમદાવાદ,તા. ૧૭

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ આજે ગુજરાતમાં અમદાવાદની મુલાકાતે આવ્યા ત્યારે ઈઝારાયલથી લઈને આવેલ બે અનોખી જીપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભેટ આપી હતી. આ જીપની ખાસ વિશેષતા એ છે કે, આ જીપમાં તૈયાર કરાયેલી સીસ્ટમ દરિયાઈ ખારા પાણીને મીઠુ કરી દે છે અને ગંદા પાણીને શુધ્ધ કરી શકે છે. નેતન્યાહુની આ મોંઘેરી ભેટ બાવળાના સૂઈ ગામને અર્પણ કરવામાં આવી હતી. આ જીપે ઈન્ટીગ્રેટેડ વોટર પ્યોરિફિકશન વ્હીકલ છે કે જેની કિંમત રૂ.૧.૧૧ લાખ ડોલર છે. એક જીપ દિવસમાં દરિયાનું વીસ હજાર લિટર અને નદીનું ૮૦ હજાર લિટર પાણી શુધ્ધ કરવાની ક્ષમતા ધરાવે છે. ગાંધીઆશ્રમની મુલાકાત બાદ ઈઝરાયલના વડાપ્રધાન અને મોદી બાવળા ખાતે આઈક્રિએટ સેન્ટરની મુલાકાત માટે પહોંચ્યા હતા. જયાં ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુ દ્વારા વડાપ્રધાન મોદીને ભેટ અપાયેલી ખાસ પ્રકારની જીપનું સૂઈગામ ખાતે લોકાર્પણ કરાયું હતું. નેતન્યાહુ અને મોદીએ બટન દબાવી આ જીપને લોકોના ઉપયોગ માટે ખુલ્લી મૂકી હતી. ઈઝરાયલની મહિલા નિષ્ણાતે આ જીપ દ્વારા શુધ્ધ થયેલું પાણી ઉપસ્થિત લોકોને પીવડાવી તેની વિશેષતા અને મહત્તાનો પરિચય કરાવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ઝારખંડના ભાજપના નેતાએ અધિકારીને લાફો માર્યો

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શીવરાજસિંહ ચૌહાણે રેલી દરમ્યાન સિક્યોરીટી ગાર્ડને લાફો મારવાની ઘટના બાદ ઝારખંડમાં પણ આવો જ બનાવ બન્યો છે. ઝારખંડના ભાજપના સિનિયર નેતા રાજધની યાદવે કોઈ બાબતે સરકારી અધિકારીને લાફો ઝીંકી દેતા ચકચાર મચી ગઈ છે.

### ઈરફાન પઠાણે વડોદરા છોડવાની પરવાનગી માંગી

પ્રતિબંધનો સામનો કરી રહેલા ક્રિકેટર ઈરફાન પઠાણે અન્ય સ્થાનિક ક્રિકેટ ટીમમાં ભાગ લેવા માટે વડોદરા છોડવાની પરવાનગી માંગી છે.

### અનુરાગ કુમારની વોશીંગ્ટન ડીસીમાં વિદેશ મંત્રાલયમાં નિમણૂંક

આઈપીએસ અધિકારી અનુરાગ કુમારની પર્સોનલ અને કમ્યુનિટિ અફેર્સ મીનીસ્ટર તરીકે વોશીંગ્ટન ડીસી સ્થિત વિદેશ મંત્રાલયમાં નિમણૂંક ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.

### ૧૪ ડિઝાઈનના ચલણી સિક્કા બહાર પડાયા

રીઝર્વ બેંકે ૧૦ રૂ.ના નવા સિક્કા બહાર પાડ્યા છે. નવા સિક્કાની ૧૪ ડિઝાઈન બહાર પડાઈ છે. આ સિક્કાઓ ચલણમાં ઉપયોગમાં લેવાશે.

### દિલ્હીમાં ફરીથી ઠંડીનો ચમકારો


દિલ્હી અને એનસીઆરમાં થોડા દિવસની રાહત બાદ ગઈ કાલથી ફરી ઠંડી અને ગાઢ ધુમ્મસ વધતાં તેની જનજીવન પર અસર પડી રહી છે. ગાઢ ધુમ્મસના કારણે ૨૧ જેટલી ટ્રેન મોડી દોડી રહી છે. જ્યારે ૧૭ ટ્રેનને રદ કરવામાં આવી છે.

# ક્રાઈમ બ્રાન્ચ, પીએમના ઈશારે ચાલે છે

## તોગડિયાના મોદી પર સીધા આક્ષેપોથી ખળભળાટ : વડાપ્રધાન લોકતંત્રની હત્યા કરી રાજકીય ષડયંત્ર ન કરે : તોગડિયાએ ક્રાઇમબ્રાંચના જેસીપી ભટ્ટને પણ આડાહાથે લીધા

અમદાવાદ,તા. ૧૭

ભેદી સંજોગોમાં રહસ્યમય રીતે ગુમ થયેલા વિશ્વ હિન્દુ પરિષદના નાટયાત્મક રીતે દાખલ થયેલા મળી આવવાના પ્રકરણમાં આજે વધુ એક નવું ડેવલપમેન્ટ સામે આવ્યું છે.



આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ ડો.પ્રવીણ તોગડિયા સોમવારે મોડી રાત્રે શાહીબાગની ચંદ્રમણિ હોસ્પિટલમાં ડો.પ્રવીણ તોગડિયાને આજે હોસ્પિટલમાંથી તેમની તબિયતમાં સુધારો નોંધાતા રજા આપી દેવામાં આવી હતી, ત્યારબાદ ડો.તોગડિયાએ એક પત્રકાર પરિષદ દરમ્યાન વડાપ્રધાન મોદી પર સીધા આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન ક્રાઈમબ્રાંચનો દૂરપયોગ કરી લોકતંત્રની હત્યા કરી રાજકીય ષડયંત્ર ના કરે. તેમણે ક્રાઈમબ્રાંચ અને તેના જેસીપી જે.કે.ભટ્ટને પણ આજે આડા હાથે લઈ નાંખ્યા હતા અને જણાવ્યું હતું કે, આ તો ક્રાઈમબ્રાંચ છે કે, કોન્સ્પીરસી બ્રાંચ ? જે.કે.ભટ્ટ દિલ્હીના તેમના પોલિટીકલ બોસના ઈશારે મને અને મારા કાર્યકરોને હેરાન કરી રહ્યા છે. વડાપ્રધાન મોદી સાથે ફોન પર વાત કરી સતત સંપર્કમાં હોવાનો સીધો આરોપ પણ તોગડિયાએ લગાવી આ સમગ્ર મામલે ન્યાયિક તપાસની માંગ કરી છે. વિહિપના આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ ડો.પ્રવીણ તોગડિયાના મોદી અને ક્રાઈમબ્રાંચ પર ગંભીર આક્ષેપોને પગલે ફરી એકવાર ગુજરાત સહિત દેશભરમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. ડો.તોગડિયાએ આજે સાફ શબ્દોમાં ચીમકી આપી હતી કે, તેઓ ક્રાઈમબ્રાંચ વિરૂધ્ધ કાયદાકીય કાર્યવાહી કરવા જઈ રહ્યા છે. આ માટે તેઓ તેમના વકીલ અને કાનૂની નિષ્ણાતો સાથે ચર્ચા કરી રહ્યા છે. તોગડિયાએ સમગ્ર મામલામાં તપાસની માંગ કરતાં ગુજરાત સરકારને જણાવ્યું હતું કે, જે.કે.ભટ્ટે છેલ્લા પંદર દિવસમાં વડાપ્રધાન સાથે કેટલી વખત વાત કરી તેની વિગતો અને ફોનકોલ્સની ડિટેઈલ્સ જાહેર કરવામાં આવે. જે.કે.ભટ્ટ દિલ્હીના તેમના પોલિટીકલ બોસના ઈશારે તેમને અને તેમના દેશભકત કાર્યકરોને હેરાન કરી રહ્યા છે. જે.કે.ભટ્ટ દિલ્હીના બોસના ઈશારે કાયદો હાથમાં લઈ રહ્યા છે. તોગડિયાએ સીધો સવાલ કર્યો હતો કે, ક્રાઈમબ્રાંચ કોના ઈશારે મારી સામે લડી રહી છે? હું જેમના ઘેર ગયો હતો, તેમને રાત્રે બે વાગ્યે ઉઠાડીને ક્રાઈમબ્રાંચના ૨૦ લોકોએ

● અનુસંધાન પાન-૭ પર

# જજ લોયાના મૃત્યુ કેસ બીજી બેંચને સોંપવા વિચારણા

## સુનાવણી દરમિયાન જસ્ટિસ અરુણ મિશ્રાનો સ્પષ્ટ સંકેત



નવીદિલ્હી, તા. ૧૭

સુપ્રીમ કોર્ટના ચાર સિનિયર જજના ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા પર મુકવામાં આવેલા આક્ષેપો બાદથી વિવાદનો દોર ચાલી રહ્યો છે. વિવાદો વચ્ચે હવે જજ બીએચ લોયાના શંકાસ્પદ સંજોગોમાં મોતનો મામલો સુપ્રીમ કોર્ટની બીજી બેંચ પાસે પહોંચી શકે છે. મંગળવારના દિવસે આ મામલાની સુનાવણી કરી રહેલા જસ્ટિસ અરુણ મિશ્રાએ આ અંગેના સંકેત આપ્યા હતા. જસ્ટિસ મિશ્રા અને જસ્ટિસ મોહન એમ સાંતના ગોદારની બેંચે મંગળવારના દિવસે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે, તમામ દસ્તાવેજ આગામી સાત દિવસની અંદર ઓનરેકોર્ડ મુકી દેવામાં આવશે. જો આ દસ્તાવેજોમાં કોઈ યોગ્ય બાબત દેખાશે તો તેમની પ્રતિ અરજીદારોને પણ સોંપવામાં આવશે અને ત્યારબાદ યોગ્ય બેંચ સમક્ષ રજૂ કરવામાં આવશે. જજના આ નિવેદનથી હવે એવી શંકા દેખાઈ રહી છે કે, હવે આ કેસ અન્ય કોઈ બેંચની પાસે પહોંચી શકે છે.

ગયા શુક્રવારના દિવસે સુપ્રીમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ જજ દ્વારા પત્રકાર પરિષદ યોજીને ગંભીરપ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા અને આ મામલે પણ શંકા ઉઠાવવામાં આવી હતી. જજ અરુણ મિશ્રા અને સાંતના ગોદારનું આ વલણ સપાટી ઉપર આવ્યાના એક દિવસ પહેલા જ જસ્ટિસ મિશ્રા સુપ્રીમ કોર્ટની નિયમિત દરરોજ થનારી મિટિંગમાં ભાવનાશીલ બની ગયા હતા.

# સેંસેક્સ ૩૧૧ પોઈન્ટ ઉછળા સાથે ૩૫૦૦૦ની સપાટીને પાર




મુંબઈ,તા. ૧૭

શેરબજારમાં આજે જોરદાર તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ જુદા જુદા પરિબળો વચ્ચે પ્રથમ વખત ૩૫૦૦૦થી પણ ઉપરની સપાટી પર રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૮ પોઈન્ટ ઉછળીને ૧૦૭૮૯ની ઉંચી સપાટી પર રહ્યો હતો. શેરબજારમાં મજબુત સ્થિતીના કારણે સ્થિતી ખુબ સારી દેખાઈ રહી છે. શેરબજારમાં ભાગ લેનાર દ્વારા અવિરત લેવાલીના કારણે આ તેજી રહી હતી. ૧૫મી જાન્યુઆરીના દિવસે અગાઉ સેંસેક્સ તેની સૌથી ઉંચી સપાટી પર પહોંચી ગયો હતો. એ વખતે તેની સપાટી ૩૪૮૪૪ની સપાટી પર રહ્યો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન આજે એ વખતે તો સેંસેક્સે ૩૫૧૧૮ની સપાટી પર પહોંચી ગયો હતો. શેરબજાર સાથે જોડાયેલા કારોબારઓએ કહ્યુ છે કે સેંસેક્સે ૩૪૦૦૦થી ૩૫૦૦૦ની સપાટી પર પહોંચી જવામાં કુલ ૧૭ સેશન લાગી ગયા છે.

# જીએસટી કાઉન્સીલની બેઠક ૭૦ વસ્તુઓના દર ઘટશે

## ૪૦ વસ્તુઓ રિવિઝનની યાદીમાં મુકવા માટેની તૈયારી : મુશ્કેલમાં રહેલા કૃષિ અને ગ્રામિણ અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાનો મુખ્ય હેતુ જેટલીના નેતૃત્વમાં બજેટ પહેલા જીએસટી કાઉન્સિલની અંતિમ બેઠક યોજાશે

નવીદિલ્હી, તા. ૧૭

જીએસટી કાઉન્સિલની અતિ મહત્વપૂર્ણ બેઠક આવતીકાલે મળનાર છે જેમાં જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. જીએસટી કાઉન્સિલની મિટિંગ ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થઈ ગયું છે. આ કાઉન્સિલની બેઠકમાં આશરે ૭૦ વસ્તુઓ માટે જીએસટી રેટમાં ઘટાડો કરવામાં આવી શકે છે. ૭૦ વસ્તુઓના રેટને તર્કસંગત બનાવવામાં આવશે જે પૈકી ૪૦ સર્વિસમાં આવે છે. નોટબંધી અને જીએસટી બાદ મુશ્કેલ તબક્કામાંથી નિકળી રહેલા કૃષિ અને ગ્રામિણ અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવાના ઈરાદાથી કાઉન્સિલ રેટને તર્કસંગત બનાવે તેવી શક્યતા છે. જીએસટી કાઉન્સિલ ક્લીન એનર્જીને પ્રોત્સાહન આપવાની દિશામાં આગળ વધે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. કેન્દ્રીય બજેટ આડે એક પખવાડિયાનો સમય રહ્યો છે ત્યારે જીએસટી કાઉન્સિલની આ બેઠક ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નિયમોમાં ફેરફાર અને સુધારાના મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવશે. ફાઈલિંગની પ્રક્રિયાને વધુ સરળ કરવા અને કેટલીક વ્યક્તિઓ અને નિયમોમાં રહેલી ખામીઓને દૂર કરવાના પ્રયાસ કરવામાં આવશે. ઓફિસરોની ફિટમેન્ટ કમિટિ દ્વારા કાઉન્સિલ સમક્ષ શ્રેણીબદ્ધ સૂચન કરી દેવામાં આવ્યા છે. કૃષિ અને ગ્રામિણ અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવાના પ્રયાસ કરવામાં આવનાર છે. નાણામંત્રી અરુણ જેટલી પહેલી ફેબ્રુઆરીના દિવસે અંતિમ સંપૂર્ણ બજેટ રજૂ કરે તે પહેલા જીએસટી કાઉન્સિલની આ અંતિમ બેઠક રહેશે. જીએસટી કાઉન્સિલની આ બેઠક ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સાથે સાથે મોદી સરકારના અંતિમ બજેટને પણ ઉપયોગી ગણવામાં આવે છે.

સુત્રોએ કહ્યું છે કે, ૪૦થી ૫૦ જેટલી સર્વિસ કાઉન્સિલની બેઠકમાં રેટ સુધારા માટે હાથ ધરવામાં આવનાર છે. આ સર્વિસ જે અગાઉ મુક્તિ મેળવી ચુકી છે પરંતુ જીએસટી વ્યવસ્થા હેઠળ કરવેરાની જાળમાં આવી ગઈ છે તેમની સામે અનેક મુદ્દાઓ રહેલા છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય